Gujarat Chamber of Commerce & Industry
ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President
Hemant N. Shah
Sr. Vice President
K. I. Patel
Vice President
Pathik S. Patwari
Hon. Secretary
V. P. Vaishnav
Hon. Secretary (R)
Sachin K. Patel
Hon. Treasurer

૨ નવેમ્બર, ૨૦૨૦/18521

**શ્રી મુકેશ કુમાર, IAS**
મ્યુનિ. કમિશ્નરશ્રી,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
અમદાવાદ.

મહાશય,

**<u>વિષયઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને લગતા સૂચનો બાબત.</u>**

આપની કુશળતા ઇચ્છુ છું.

હાલની COVID-19 અંગેની સ્થિતિને ધ્યાનમાં રાખતા તેમજ આવનારા દિવાળીના તહેવારોને જોતાં નાના વેપારીઓ તેમજ સામાન્ય જનતાની જરૂરીયાતો સચવાય તે ઉદ્દેશથી આપશ્રીને નીચે મુજબના સૂચનોને ધ્યાનમાં લઇ યોગ્ય નિર્ણય કરવા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે :

૧. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ-૨૦૧૪ માં અમલમાં આવેલ સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટનો અમલ અમદાવાદ શહેરમાં ન થયો હોવાથી નાના ફેરીયા અને લારીઓ ચલાવતી વ્યક્તિઓને ખુબજ મુશ્કેલી તેમજ કનડગતનો સામનો કરવો પડી રહ્યો છે. સામાન્ય રીતે આવા ફેરીયાઓ/ લારીઓ ચલાવતી વ્યક્તિઓ સમાજના ગરીબ વર્ગમાંથી આવતા હોવાથી આ તેમની રોજગારીનું એક માત્ર સાધન છે અને આવા વ્યક્તિઓની સંખ્યા શહેરમાં ખુબજ મોટી છે તેથી સ્ટ્રીટ વેન્ડર એક્ટનો જો તાત્કાલિક અમલ થાય તો અત્યારના COVID-19 ની કપરી પરિસ્થિતિમાં ફેરીયા અને લારીઓ ચલાવનાર વ્યક્તિઓને તેમનું ગુજરાન ચલાવવામાં મદદ મળી રહેશે અને રોજગારીની સમસ્યા ઉભી નહીં થાય.
૨. શહેરના લાટી બજાર વિસ્તારમાં મોટી સંખ્યામાં ટીમ્બરનું લે-વેચ કરનાર વેપારીઓ આવેલ છે જે કોઇ પણ પ્રકારનું ઉત્પાદન કરતા નથી. આ લાટીબજાર વિસ્તારમાં ખુબજ ઓછી સંખ્યામાં Saw-Mill અને બાકી બધા વેપારીઓ માત્ર ટીમ્બરની લે-વેચ જ કરે છે જેથી તેમને BPMC કાયદાના હેલ્થ લાયસન્સ લેવાની જરૂરિયાત રહેતી નથી. આમ છતાં Saw-Mill સિવાયના બધા વેપારીઓને પણ હેલ્થ લાયસન્સ લેવાની ફરજ પાડવામાં આવે છે. પરંતુ આ વેપારીઓ ખુબજ લાંબા સમયથી તે જગ્યાએ વેપાર કરતા

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA.
+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer



હોવાથી તેમની પાસે બી.યુ. પરમીશન નથી. આના કારણે તેઓ હેલ્થ લાયસન્સ લેવા ઇચ્છતા હોય તો પણ લઇ શકતા નથી, જેથી આ ટીમ્બરના વેપારીઓને કારણ વગર બહુ મોટો દંડ ભોગવવો પડે છે. આ અંગે આપશ્રી ત્વરિત નિર્ણય લઇ ટીમ્બરના લે-વેચ કરતાં વેપારીઓને હેલ્થ લાયસન્સ લેવાની જરૂર નથી તેવું સ્પષ્ટીકરણ જાહેર કરવા વિનંતી છે.

૩. હાલમાં શહેરમાં બની રહેલ મેટ્રો રેલ્વે અને ફલાય ઓવરના નીચેના ભાગમાં ખુબ મોટી જગ્યા વપરાશ વગર ખાલી પડેલી છે. આ જગ્યાનો ઉપયોગ જો ઠેકા પદ્ધતિથી વાહનોને પાર્કીંગ આપવા માટે કરવામાં આવે તો તેનાથી એક બાજું આ વણવપરાયેલ જગ્યાનો સદ્ઉપયોગ થશે અને સરકારને આવક થશે ત્યાં બીજી બાજુ શહેરમાં વધતી જતી પાર્કીંગની સમસ્યાનો પણ યોગ્ય ઉકેલ આવશે, તેથી આ અંગે આપશ્રીને સકારાત્મક નિર્ણય લેવા વિનંતી છે.

અમને આશા છે કે આપશ્રી દ્વારા હાલની કપરી પરિસ્થિતિને જોતાં વેપાર-ઉદ્યોગ તેમજ જનતાના હિતમાં સકારાત્મક નિર્ણય ત્વરિત ધોરણે લેવામાં આવશે.

આપના સહકાર અને સકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નટુભાઈ પટેલ
પ્રમુખ